# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૯૫ તા.૦૬.૦૩.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૧/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ધીરજભાઈ નાનજીભાઈ કણઝારીયા C/O યશ હાર્ડવેર ગામ – ધરમપુર

સબડીવીઝન: ખંભાળિયા શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળીયા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભૂમિ દ્વારકા

તારીખ: મંગળવાર (૦૯.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૦૨.૨૦૨૧ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,એમોએ ધરમપુર ગ્રામપંચાયતની હદમાં સર્વે નં.૬/પૈકી ૧/પૈકી ૧ માં ખેતીવિષયક વિજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ટાઉન સબ ડિવીઝન ખંભાળીયામાં અરજી કરેલ છે.તાજેતરમાં અમારૂ સદર અરજીવાળું વિજજોડાણ મંજુર થયેલ અને તા. ૧૧-૧૨-૨૦૧૮ ના રોજ અંદાજપત્રક રસીદ નં. ૭૩૮૦૧૨/૧૩/૧૪ થી ભરપાઈ કરેલ છે.

અમારા વિજજોડાણના લાઇનકામ બાબતે બાજુવાળા ખેડુતે વાંધો ઉઠાવેલ,અમોને અન્ય તરફથી રિસર્વે કરી વિજજોડાણ આપવા માટે રિસર્વેની અરજી તા. ૨૮-૨-૨૦૧૯ રસીદનં.યુએફ ૫૪૧૯૧૭ થી રૂ. ૨૦૦/- ભરી રિસર્વે માટે અરજી આપેલ.

આમ છતા આજદિન સુધી અમોને વિજજોડાણ આપવામાં આવેલ નથી તેમજ અમારા વિજજોડાણ અંગેનો વિવાદ પ્રાંત અધિકારીશ્રી જામખંભાળીયાને પણ તબદીલ કરવામાં આવેલ નથી. અમારા આશ્ચર્ય વચ્ચે અમોને તાજેતરમાં ગ્રાહક નં. ૩૨૦૦૨/૨૦૦૪૧/૬ થી વિજજોડાણ પણ આપી દેવામાં આવેલ જેમાં મિટર નંબર પીજી ૩૮૫૨૦૯ પણ છપાયેલ છે. અમારૂ લાઇનકામ થયેલ નથી અમારૂ મિટર પણ લાગેલ નથી અમારા વિજજોડાણ અંગેની કાર્યવાહી બાકી છે.

અમારી રજુઆત ધ્યાને લઈ અમોને અન્ય તરફથી વિજલાઇન ઉભી કરી વિજજોડાણ આપવા અને ખરેખર મિટર લાગે ત્યારથી અમારૂ વિજબિલ ગણવા અને હાલમાં આપવામાં આવેલ વિજબિલને રદ કરવા યોગ્ય હુકમ કરવા આપ સાહેબને નમ્ર વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી ધિરજભાઇ નાનજીભાઇ કણજારીયા રે ખંભાળિયાદ્વારા ધરમપુર મુકામે ખેતીવાડી સર્વે નંબર ૬ પૈકી ૧/પૈકી/૧ ખેતીવાડી હેતુ ૭.૫ હો.પા.નુ થ્રી ફેઇઝ વિજ જોડાણ માગેલ છે. અરજદાર દ્વારા નોંધણી ચાર્જ રૂપીયા ૨૦૦/- રસિદ નં. ૨૫૩૦૯૩ તારીખ ૦૫.૧૦.૨૦૧૫થી ભરપાઈ કરેલ છે. જેના એસ આર નંબર ૭૩૮૩૩૯૭ છે.સદર જોડાણ પેટે અરજદાર દ્વારા અંદાજપત્રક ના નાણાં રૂ..૭૮૫૩/- રસીદ નંબર ૭૩૮૦૧૨/૧૩/૧૪ તારીખ ૧૧.૧૨.૨૦૧૮ થી ભરપાઈ કરેલ છે.

3.૨ અરજદાર તારીખ ૨૮.૦૨.૨૦૧૯ ની અરજી મુજબ બાજુના ખેડૂત કાનાભાઈ વીરાભાઈ એ વાંધો ઉઠાવતા રિસર્વે કરવા માટે અરજી કરતાં અરજદારે રૂ/- ૨૦૦/- રસીદ નંબર ૦૦૦૦૧૯૧૭ તારીખ ૨૮।૦૨।૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે પરંતુ અરજદારના વીજ જોડાણ નું લાઇન કામ થયેલ નથી તેમજ મીટર પણ લાગેલ ન હોવા છતાં તારીખ ૦૭.૦૯.૨૦૨૦ ના રોજ અરજદાર ને ગ્રાહક નંબર ૩૨૦૦૨/૨૦૦૪૧/૬ થી વીજ બિલ મળતા સીજીઆરએફ સમક્ષ ઉક્ત ફરિયાદ કરેલ છે.

3.3 નાયબ ઇજનેર શહેર પેટા વિભાગીય કચેરી ખંભાળિયા ના સામેલ પત્ર નંબર કેટીએસડી/ટેક/૫૧૧૦ તારીખ ૦૯.૧૦.૨૦૨૦ મુજબ સદર જોડાણ ની લાઇન ઊભી કરવાની કાર્યવાહી દરમિયાન શ્રી કાના વીરા પરમાર, શ્રી વિનોદ જુઠા પરમાર તથા પ્રવીણ જુઠા પરમાર દ્વારા વાંધો ઉઠાવતા સર્વેક્ષણ મુજબ ની કામગીરી થઈ શકેલ નહી અને મજકૂર આસામીઓ ને સમજાવટ નો પ્રયત્ન કરેલ પરંતુ સફળતા મળેલ નહીં.

3.૪ સદર વીજ જોડાણ ની આગળ ની કામગીરી માટે ફરિથી સ્થળ વિઝિટ દરમીયાન અરજદાર દ્વારા બજાના રોડ ઉપર આવેલ લાઇન માથી જોડાણ આપવાની રજૂઆત કરેલ પરંતુ સદર લાઇન ૧૧ કેવી ટાઉન અર્બન ફિડર હોય તેમાથી જોડાણ આપી શકાઈ નહીં. સૂચિત જોડાણ ધરમપુર એજી ફિડર માથી આપવાનું થતું હોય, બજાના રોડ પરની ની બાજુમાં લાઇન નો લે આઉટ મળતો ન હોય તેમજ ૧૧ એકવી ટાઉન ફીડર ૨ ની ભારે તથા હળવા દબાણ ની લાઇન ક્રોસ થતી હોય

તાંત્રિક રીતે કામ કરવું મુશ્કેલ જણાતું હોય તેમજ અન્ય આસામીઓના ખેતર તથા મકાન તરફથી ઊભી કરવાની થતી હોય વાંધા વિરોધ થવાની શક્યતા હોય અરજદારને વાંધા નિરાકરણ કરી લાવવાનું જણાવેલ પરંતુ વાંધા નિરાકરણ થઈ શકેલ નહીં.અરજદાર દ્વારા સીજીઆરએફ સમક્ષ રજૂઆત કર્યા બાદ નાયબ ઇજનેર દ્વારા સ્થળ ઉપર વાંધો લેનાર ખાતેદાર ખેડૂતો ને લાઇન ઊભી કરવા માટે ફરીથી સમજાવવાનો પ્રયત્નો કરેલ અને લાઇન નડતરરૂપ ન થાય તેમ રૂટ તબદીલ કરવા સમજાવેલ તેમ છતાં સમજૂતી સાધી શકાયેલ નહીં. જેથી તારીખ ૦૭.૧૦.૨૦૨૦ ના રોજ સદર કેશ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દેવ ભૂમિ દ્વારકા સમક્ષ રજૂ કરેલ છે. હાલ સદર કેસ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દેવ ભૂમિ દ્વારકા સમક્ષ સુનાવણી માટે બાકી હોય, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ના હુકમ અનુસાર આગળની કાર્યવાહી કરવાની હોય, આ હુકમ મળ્યા બાદ કાર્યવાહી કરી શકાય.

૩.૫ આ સમયગાળા દરમિયાન શહેર પેટા વિભાગીય કચેરી ખંભાળિયા હેઠળ કોન્ટ્રાક્ટ હેઠળ જુનિયર ઇજનેર તરીકે ફરજ બજાવતા કર્મચારી દ્વારા શરતચૂક થી જોડાણ ના રીલીઝ નો રિપોર્ટ કરવામાં આવેલ અને ક્રમશ કાર્યવાહી અનુસાર ઇ ઉર્જા માં મીટર ઇસ્યુ થયેલ અને માસ્ટર ક્રિએશન મુજબ ગ્રાહક નંબર જનરેટ થયેલ જેના કારણે બિલ ચાલુ થયેલ છે જે તારીખ ૦૭.૧૦.૨૦૨૦ થી બંધ કરી દીધેલ છે. આમ અરજદાર ને આપવામાં આવેલ ગ્રાહક નંબર ૩૨૦૦૨/૨૦૦૪૧/૬ તારીખ ૦૭.૧૦.૨૦૨૦ થી બંધ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ પીજીવીસીએલ કચેરીએ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૪ અને ૩.૫ મુજબ સદર કેસ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દેવ ભૂમિ દ્વારકા સમક્ષ સુનાવણી માટે બાકી હોય, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ના હુકમ અનુસાર આગળની કાર્યવાહી કરવાની હોય, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ હુકમ મળ્યા બાદ કાર્યવાહી કરવી.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯